## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મારી વાઇફે આજે બટાકાની કાતરી સુકવવા મુકી છે... આજે તારે ત્યાં બંદોબસ્ત ગોઠવીને વાંદરા ભગાડવાના છે...!!

# ડભોડામાંથી જુગારની બાજી માંડીને બેઠેલા પાંચ ખેલી ઝડપાયા

ગાંધીનગર,તા.૯

ગાંધીનગરના ડભોડા ગામની સીમમાં ખુલ્લેઆમ જુગારની બાજી માંડીનો બેઠેલા પાંચ શકુનીઓને પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૧ હજારથી વધુના મુદ્દામાલ સાથે ડભોડા પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે ગાંધીનગરના ડભોડા ગામની સીમમાં ચાવડાનગર નજીક જાહેરમાં કેટલાક જુગારીની બાજી માંડીને કુંડાળુ વળી બેઠા છે. જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પરંતુ પોલીસે કોર્ડન કરી તમામને ઝડપી પાડ્યા છે. પોલીસે જુગારીઓના દાવ પરથી અને અંગજડતી દરમિયાન રૂ.૧૦ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી જુગારી પરબતજી ચેહરા વાઘેલા, નરેશ રઈજીજી સોલંકી, ભરત અમરસંગ સોલંકી, દશરથજી પ્રહલાદજી ચાવડા તેમજ વિક્રમજી પ્રહલાદજી ચાવડા (તમામ રહે ડભોડા) હોવાનુ સામે આવ્યું હતું. પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સેકટર-૨૪ માંથી ચાર જુગારી ઝડપાયા, એક ફરાર

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર ખાતે મોડી સાંજે કુંડાળુ વળી જુગારની બાજી માંડીને બેઠેલા ચાર જુગારીઓ પોલીસના હાથે ઝડપાયા હતા. જયારે એક જુગારી નાસી ગયો હતો. બાતમીને આધારે પોલીસે રેઈડ પાડી જુગાર રમતા અસ્મતઅલી સકુરભાઈ ઘાંચી, સુનિલ જીવણ ભીલ, અનિલ મોહન ભીલ, જયારે એક કિશોર હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે પોલીસને જોઈ નાસી ગયેલ જુગારી પણ ઈન્દીરાનગરનો છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૬૨૯૦ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં પરીક્ષાનો માહોલ વચ્ચે અધિકારીઓ ગ્રાઉન્ડ પર હાજર જોવા મળતાં પરીક્ષાર્થીઓને હૂંફ મળ્યુ છે.
- જુનિ. કલાર્કની પરીક્ષામાં આજે ૬ જુદી જુદી સીરીઝમાં પ્રશ્નપત્ર અપાયા હતા જેથી કોપી કેસ કે ગેરરીતિને કોઈ અવકાશ જોવા મળ્યો ન હતો.
- ગાંધીનગર જિલ્લામાં આજે ગરમીનો પ્રકોપ જોવા મળ્યો હતો અને રોડ સુમસામ બપોરના સમયે જણાયા હતા.
- નારદીપુર ખાતે આજે નાગર બ્રાહ્મણ પંચ દ્વારા હાટકેશ જયંતિની ઉજવણી ભાવપૂર્ણ માહોલમાં હાટકેશ્વર મંદિર ખાતે કરાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની અનિયમિત સેવાથી નગજનો થાક્યા છે અને તાકીદે સુધારાના પગલાં લેવાય તેવી માંગ ઉગ્ર બની છે.
- ગાંધીનગરના કલોલ તાલુકાના સાંતેજ ગામે બી.એસ.એન.એલ. ઓફિસમાં માઈક્રોટેક્સ બેટરીઓની ચોરી થયાની ઘટના નોંધાઈ છે.
- પેથાપુરમાંથી પોલીસે વરલીમટકાના આંખ ફરકનો જુગાર રમતા ૪ શકુનિને ઝડપ્યા છે.
- સે. ૨૪માંથી ખુલ્લી જગ્યામાં પાનાનો જુગાર રમતા પાંચને પોલીસે દબોચી લીધા છે.
- દહેગામના મીરાપુર ગામે એક રિક્ષાએ બાઈકને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો.
- ઝુંડાલ સર્કલ ખાતે પાર્ક કરેલ એક્ટીવાની ચોરી થયાની ઘટના નોંધાઈ છે.
- કલોલમાં પણ આજે જુગારધામ પર પોલીસ ત્રાટકી હતી અને ૨ ને ઝડપી લીધા છે.
- ચંદ્રાલાથી પાસોદર પગપાળા યાત્રાનું રાવળ યોગી સમાજ દ્વારા આયોજન કરાયુ છે અને પદયાત્રીઓ રવાના થયા છે.
- સે. ૨૩ એસ.વી.પી. સ્કૂલના બાળકોએ ફાયરસ્ટેશનની મુલાકાત લીધી હતી.
- જલિયાણા સેવા ગૃપ દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં પક્ષી પરબનુ વિતરણ કરાયુ છે.
- સે. ૨૧ના સિદ્ધિવિનાયક મંદિરે આજે સંકટ ચતુર્થીને લઈ મહાઆરતીનું આયોજન કરાયુ હતુ.
- વૈષ્ણવ રામાનંદી સમાજનું સે. ૪-બી હનુમાનજી અને શનિ મંદિરના પ્રાંગણમાં સ્નેહમિલન યોજાયુ હતુ.
- સિનીયર સિટીઝન એડવોકેટ મિત્રમંડળની બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં રખડતા પશુઓની સમસ્યા વધી હોવાથી વાહનચાલકો અને રાહદારીઓમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે.

# ટીબીના જરૂરીયાતમંદ દર્દીઓને પોષણયુક્ત આહાર કીટ વિતરણ



ગાંધીનગર,તા.૦૯

માનનીય વડાપ્રધાન શ્રી દ્વારા ૨૦૨૫ માં સમગ્ર દેશમાંથી ટીબીને નાબૂદ કરવાનું આહવાન કરેલ છે જેના ભાગરૂપે જન ભાગીદારી અન્વયે ટીબીના જરૂરિયાતમંદ દર્દી ને નીક્ષય મિત્ર બનીને પોષણયુક્ત આહાર કીટ આપવાની ભલામણ કરેલ છે જે અન્વયે અરવિંદ મિલ કંપની દ્વારા નીક્ષય મિત્ર બનીને ગાંધીનગર સીટી વિસ્તારના સુઘડ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના ૧૦ ટીબી ના દર્દીઓને પોષણયુક્ત આહાર કીટ આપવામાં આવેલ આ પ્રસંગે શહેરી ટીબી અધિકારી શ્રી ડૉ હરેશ પટેલ દ્વારા આવા જરૂરિયાતમંદ દર્દીને કીટ આપવા બદલ આભાર માનવામાં આવેલ અને આવી રીતે નિક્ષય મિત્ર બનીને અન્ય સંસ્થાઓ અને કંપનીઓ મદદ કરે તો સરકાર શ્રી દ્વારા કરેલ ચોક્કસ સમયે ટીબીના રોગને સમાજમાંથી દૂર કરી શકીશું. આ કાર્યક્રમમાં શહેરી ટીબી કેન્દ્રના ટીબીએચવી નીતિન પટેલ, સુઘડ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર શ્રી ડોક્ટર એમ કેશ પ્રજાપતિ તેમજ સ્ટાફે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ.ટીબી હારેગા દેશ જીતેગા

# ચિલોડા પાસે જીબ્રાતા ટાઈલ્સના ગોડાઉનમાં આગ

ગાંધીનગર, તા.૯

ચિલોડા નજીક શિહોલી મોટી ગામે સ્થિત ઝીબ્રાતા ટાઈલ્સના ગોડાઉનમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. ગણતરીના સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ગોડાઉનમાં દોડધામ મચી જવા પામી હતી. આગના ગોટેગોટા દુરદુર સુધી દેખતાા હતા. જયારે ફાયર બિગ્રેડને કોલ મળતા તાત્કાલીક સ્થળ પર ફાયર જવાનો પહોંચી જઈ પાંચ કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.જો કે આગની જવાળોમાં રમકડાનો લાખો રૂપીયાનો સામાન સ્વાહા થઈ ગયો છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા નજીક શિહોલી મોટી ગામની સીમમાં સ્થિત ઝીબ્રાતા ટાઈલ્સ ગોડાઉનમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગના ધુમાડાથી આકાશમાં ધુમાડાના ગોટેગોટા દેખાતા હતા. ધુમાડાને પગલે હાઈવે પર કેટલાક વાહન ચાલકો ઉભા રહી ગયા હતા. જયારે ગાંધીનગર ફાયર બિગ્રેડને કોલ મળતા ટીમના જવાનો તાત્કાલીક પહોંચી ગયા હતા. ફાયર જવાનોએ સતત પાંચ કલાક સુધી ૩૬ હજાર લીટરથી વધુ પાણીનો છંટકાવ કરી આગ પર કાબુ મેળવી લીધો હતો. ગોડાઉનની નજીક શો રૂમ હોવાથી ફાયર જવાનોએ આગ વધુ પ્રસરે તે પહેલા અટકાવી દઈ મોટું નુકશાન થતા અટકાવ્યું હતું. જયારે ગોડાઉનમાં રમકડાનો સામાન બળીને રાખ થઈ ગયો હતો.

જયારે ગોડાઉનમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ગેસના સિલિન્ડરોને બહાર કાઢી લીધા હતા. જયારે ફાયર જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લેવામાં આવતા સૌ કોઈ વ્યકિતએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ઝુંડાલ બ્રિજ પાસેથી જીએસટીના અધિકારીનું એકટીવા ચોરાયું

ગાંધીનગર, તા.૯

ગાંધીનગનર ઝુંડાલ બ્રિજ નીચેથી મહેસાણા ખાતે જીએસટીમાં ફરજ બજાવતા અધિકારીના એકટીવાની ચોરી થવા પામી છે.

નવા ચાંદખેડા રહેતા જીએસટી અધિકારી ઝુંડાલ બ્રિજ નીચે એકટીવા મુકી મહેસાણા નોકરી જતા હતા. પરંતુ ગત તા.૬ ના રોજ બ્રિજ પાસે પાર્ક કરેલ એકટીવા કોઈ શખ્સ ચોરી જતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહેસાણા સેન્ટ્રલ જીએસટીમાં સુપ્રિટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા અમિત કિષ્ણકુમાર વર્મા પોતાના પરિવાર સાથે નવાચાંદખેડા રહે છે.

જયારે તેઓની પાસે રહેલ એકટીવા નં.જી.જે.૦૧.એમ.વાય-૭૬૮૬ લઈને સવારે નોકરી જવા માટે નીકળતા હતા. ઝુંડાલ બ્રિજ નીચે એકટીવા પાર્ક કરી તેઓ નોકરી જતા હતા.જયારે રાત્રે બસમાં સાડા આઠ વાગે પરત ફરી એકટીવા લઈ ઘરે જતા હતા. પરંતુ ગત તા.૬ ના રોજ સાંજના સમયે ઓફિસથી આવીને જોયુ તો જીએસટી અધિકારીનું રૂ.૩૦ હજારનું એકટીવા અજાણ્યો કોઈ શખ્સ ચોરી જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# શહેરના સીટી સ્કવેર મોલમાં ચોરી કરતી મહિલાઓ ઝડપાઈ

**મોલમાંથી ચોરી કરતા મહિલા કેમેરામાં કેદ, પોલીસ તપાસનો ધમધમાટ**

ગાંધીનગર, તા.૯

શહેરના કુડાસણ વિસ્તારમાં આવેલા સીટી સ્કવેર મોલમાં ખરીદીના બહાને આવેલી મહિલાઓ લેડીઝ કુર્તી ચોરી કરતા સીસીટીવી કેમેરામાં આબાદ ઝડપાઈ છે. આ મહિલાઓને મોલના કર્મચારીઓએ પકડી પાડી ઈન્ફોસીટી પોલીસ સોંપતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણના સીટી સ્કવેર મોલમાં મેનેજર તરીકે ફરજ બજાવતા મહિપાલસિંહ રાજ પુરોહિત ફરજ પર હાજર હતા.તે દરમિયાન બપોરના સમયે બે મહિલા ખરીદી કરવાના બહાને મોલમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ મોલમાં વિવિધ જગ્યા પર ફરીને કપડા જોઈ રહી હતી.પરંતુ આ બંને મહિલાઓની શંકાસ્પદ હિલચાલ જણાતા મેનેજર મહિપાલસિંહને શંકા ગઈ હતી . જેથી તેઓએ મોલના સીસીટીવી ચેક કરવાનું શરુ કર્યું હતું.જયારે સ્ટાફના કર્મચારીઓને નજર રાખવાનું જણાવ્યું હતું. એક મહિલા તેણે પહેરેલી કુર્તીમાં એક પ્લાઝાનો સેટ સંતાડતા સીસીટીવીમાં જોવા મળી હતી.જેથી આ મુદ્દે બંને મહિલાઓની પુછપરછ કરતા ચોરી કરી હોવાનું સ્વીકારવા તૈયાર ન હતી. જેથી લેડીઝ સ્ટાફ દ્વારા તેઓની તલાસી લેતા એક મહિલા પાસેથી ચોરી કરેલો પ્લાઝો મળી આવ્યો હતો. આ મુદ્દે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ સીટી સ્કવેર મોલ ખાતે પહોંચી ગઈ હતી. પોલીસ મથકે લાવી બંને મહિલાઓને પુછપરછ કરતા તેમણે પોતાનું નામ ખુશ્બુ નિલેશભાઈ ઘમંડે (ઉં.૩૮ રહે ફિ કોલોની છારાનગર) તેમજ અંકિતા અશોક પરમાર (છારા, ઉં.૩૦ રહે ચાલી નં.૨ મહાજનીયા વાસ નરોડા પાટીયા)હોવાનું જણાવ્યું હતું. બંને મહિલાઓ ખરીદી કરવાના બહાને મોલમાં અંદર પ્રવેશી હતી અને ચોરી કરતા સીસીટીવી કેમેરામાં ઝડપાઈ ગઈ હતી. પોલીસે બંનેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સેક્ટર-૧૩નો દિવ્યાંગ યુવાન પરીક્ષા આપવા પહોંચ્યો

**કલાર્કની પરીક્ષા માટે ઉમેદવારોમાં ભારે ઉત્સાહ : દિવ્યાંગ વિદ્યાર્થીઓ, સગર્ભાઓ, બાળકો સાથેની માતાઓ પરીક્ષા કેન્દ્રો પર પહોંચી**



ગાંધીનગર, તા. ૯

અનેક વિવાદો બાદ યોજાયેલી પંચાયત જુનિયર કલાર્કની પરીક્ષા માટે ઉમેદવારોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. અનેક ઉમેદવારો શારીરિક, સામાજિક મુશ્કેલીઓને અવગણીને પરીક્ષા આપવા પહોંચ્યા હતા. સેક્ટર-૧૩નો બંને પગે દિવ્યાંગ યુવાન ચૌધરી સ્કૂલના સેન્ટર પર પરીક્ષા આપવા પહોંચ્યા ત્યારે તેનો ઉત્સાહ સમાતો ન હતો. સરકારી નોકરીના લક્ષ્યને સામે રાખીને પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે આજે ખુબ જ મહત્વનો દિવસ હતો. ઘણા વિવાદો બાદ અને ઘણી મુશ્કેલીઓ બાદ પરીક્ષા યોજાઈ હોવાથી ઉમેદવારોનો ઉત્સાહ સમાતો ન હતો.

તેમનો જુસ્સો વખાણવાલાયક હતો. કોઈપણ સંજોગોમાં પરીક્ષા આપવા મક્કમ બનેલા ઉમેદવારો અનેક મુશ્કેલીઓ બાદ પણ પરીક્ષા આપવા પહોંચ્યા હતા. સેક્ટર-૧૩નો દિવ્યાંગ યુવાન જાકીર ચૌધરી સ્કૂલ ખાતે પરીક્ષા આપવા પહોંચ્યો હતો. હાલમાં સેક્ટર-૧૩ ખાતે પાનનો ગલ્લો ચલાવતા આ યુવાનનો નંબર ચૌધરી સ્કૂલ ખાતે આવ્યો હતો. તે પોતાના પરિવારજનો સાથે પરીક્ષા કેન્દ્ર પર પહોંચ્યો હતો. ઘણી સગર્ભા મહિલાઓ અને બાળકોને સાથે લઈને આવેલી માતાઓએ પણ મક્કમ મનોબળ સાથે પરીક્ષા આપી હતી.

# ઉનાળો ન જામતા એસી-ફ્રીજ રીપેરીંગવાળાની ઘરાકી ઘટી

**વારંવાર પડતા માવઠાના કારણે વાતાવરણમાં ઠંડક છવાઈ જાય છે : હજુ ઉકળાટ લાગે તેવી ગરમી ન પડતાં એસી અને ફ્રીજ રીપેરીંગની ઘરાકી ઘટી ગઈ : નવા એસી-ફ્રીજની ડીમાન્ડ પણ ઘટી**





ગાંધીનગર, તા. ૯

ઉનાળો બેસે ઘણો સમય થયો હોવા છતાં હજુ એપ્રિલ મહિનામાં પણ ગરમી જોઈએ તેવી જામતી નથી. જેના કારણે એસી અને ફ્રીજ સર્વિસ કરવાવાળા અને રીપેર કરવાવાળાઓની ઘરાકી જામતી નથી. નવા એસી અને ફ્રીજની ખરીદી પણ હજુ જામી નથી. ઉનાળો ભલે માર્ચ મહિનાથી બેસી ગયો હોય પરંતુ હજુ જોઈએ તેટલો જામતો નથી. આ વર્ષે માર્ચ મહિનામાં વારંવાર માવઠા પડ્યા હતા. ત્રણથી ચાર વખત રાજ્યના વિવિધ વિસ્તારોમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. હજુ ત્રણ-ચાર દિવસ પહેલા જ આકાશમાં વાદળો ઘેરાયા હતા અને છુટાછવાયા ઝાંપટા પડ્યા હતા. વારંવાર પડી રહેલા માવઠાને કારણે વાતાવરણમાં ઠંડક છવાયેલી રહે છે. દિવસે ભલે ગરમી લાગતી હોય પરંતુ રાત્રીના સમયે હજુ વાતાવરણ આહલાદક રહે છે. એપ્રિલ મહિનામાં પણ હજુ માવઠા પડી શકે તેવી આગાહી કરવામાં આવી છે. વારંવાર પડી રહેલા માવઠાના કારણે હજુ ઉકળાટ અનુભવાય તેવી ગરમી પડતી નથી. જેના કારણે એસી અને ફ્રીજનુ સર્વિસ કરવાવાળાઓ અને રીપેરીંગ કરવાવાળાઓની ઘરાકી ઘટી છે. એસી અને ફ્રીજનુ રીપેરીંગ કરવાવાળાઓ જણાવી રહ્યા છે એપ્રિલ માસમાં દર વર્ષે આકરી ગરમી પડે છે પરંતુ તેની સરખામણીએ હજુ જોઈએ તેવી ગરમી પડતી નથી. એસી વગર પણ હજુ ચાલી જાય છે. વળી ફ્રીજનુ એકદમ ચીલ્ડ પાણી પીવુ જ પડે તેવી આકરી ગરમી હજુ અનુભવાતી નથી. માટલાનુ પાણી પીવામાં હજુ ચાલે છે. વારંવાર પડતા માવઠાના કારણે નવા એસી અને ફ્રીજની ખરીદીમાં પણ ખાસ્સો એવો ઘટાડો રહ્યો છે.